# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

1) ભારતે જણાવ્યું છે કે પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવવું જોઈએ

2) સેના પ્રમુખ જનરલે પાકિસ્તાનને ચેતવણી આપી છે કે , જો પાકિસ્તાન કોઈ નવી પ્રતિકૂળ કાર્યવાહી કરશે તો ઇતિહાસમાં ટકી રહેવા અથવા ઇતિહાસ બની જવા તૈયાર રહેવું પડશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય માસિક રેડિયો કાર્યક્રમ , મન કી બાત ને આજે ૧૧ વર્ષ પૂર્ણ થયા

4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે દેશની સંરક્ષણ નિકાસ 2029 સુધીમાં 50 હજાર કરોડ રૂપિયાને પાર કરશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MINISTRY OF FOREIGN AFFAIRS- BRIFING

ભારતે જણાવ્યું છે કે પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવવું જોઈએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નવી દિલ્હીમાં પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરના અનેક વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો દરમિયાન નિર્દોષ લોકો પર લશ્કરી બર્બરતાના અહેવાલોનો ઉલ્લેખ કર્યો . ભારત માને છે કે , આ પાકિસ્તાનના દમનકારી અભિગમ અને આ વિસ્તારોમાંથી સંસાધનોની વ્યવસ્થિત લૂંટનું પરિણામ છે.

(BYTE - RANDHIR JAYSHWAL, POK)

શ્રી જયસ્વાલે બાંગ્લાદેશના ગૃહ સલાહકાર જહાંગીર આલમ ચૌધરીના દાવાઓને ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા , જેમણે દાવો કર્યો હતો કે બાંગ્લાદેશમાં તાજેતરની અશાંતિ ભારત સહિત બાહ્ય પ્રભાવોથી પ્રેરિત છે . શ્રી જયસ્વા લે કહ્યું કે બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં અસમર્થ છે અને તેથી નિયમિતપણે દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ કરે છે.

. . . . . . . . . .

# ARMY CHIEF - RAJASTAN

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને ચેતવણી આપી છે કે જો તે કોઈ નવી પ્રતિકૂળ કાર્યવાહીમાં કરશે તો પાકિસ્તાનને ઇતિહાસમાં ટકી રહેવા અથવા ઇતિહાસ બનવા વચ્ચે પસંદગી કરવી પડશે.

જનરલ દ્વિવેદીએ આજે રાજસ્થાનના શ્રીગંગાનગર નજીક 22 એમડીના સરહદી ગામમાં એક લશ્કરી ચોકી પર સૈનિકોને સંબોધન કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. આર્મી ચીફે જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં નવ આતંકવાદી જૂથોના ઠેકાણાઓનો નાશ એ ઓપરેશન સિંદૂરની મુખ્ય સફળતા હતી . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેનાની કાર્યવાહીના મહત્વને ઓળખીને તેને ઓપરેશન સિંદૂર નામ આપ્યું હતું.

આ પ્રસંગે તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ ત્રણ અધિકારીઓ અને અનેક સૈનિકોનું સન્માન કર્યું હતું.

. . . . . . . . .

# EVE AMIT SHAH-HARYANA

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આજે હરિયાણાના રોહતકમાં મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી કેમ્પસમાં આયોજિત ખાદી કારીગર મહોત્સવમાં હાજરી આપી.
આ પ્રસંગે તેમણે કારીગરો સાથે વાતચીત કરતાં જણાવ્યુ કે ખાદી દેશના અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે ઉમેર્યું કે ખાદી ગ્રામોદ્યોગ લાખો વણકર માટે એક મજબૂત મંચ બની રહ્યું છે.

શ્રી શાહે હરિયાણાના પંચકુલામાં નવા બનેલા ખાદી ગ્રામોદ્યોગ કમિશન કાર્યાલય સહિત પુણે પ્લાન્ટ અને ખાદી ગ્રામોદ્યોગ ઇમારતોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે પ્રધાનમંત્રી દ્વારા 395 થી વધુ વસ્તુઓ પર જીએસટી દર ઘટાડા અંગે ખુશી વ્યક્ત કરી.

. . . . . . . . . .

# MANN KI BAAT – 11 YEARS-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય માસિક રેડિયો કાર્યક્રમ, મન કી બાત ને આજે ૧૧ વર્ષ પૂર્ણ થયા. મન કી બાતનો પહેલો એપિસોડ ૩ ઓક્ટોબર, ૨૦૧૪ ના રોજ વિજયાદશમીના દિવસે પ્રસારિત થયો હતો. તાજેતરમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યક્રમના ૧૨૬મા એપિસોડમાં રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું. આ કાર્યક્રમ ફક્ત એક રેડિયો કાર્યક્રમ નથી, પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તનનું પ્રતીક છે. તે દેશના દરેક ખૂણા સુધી પહોંચી ગયો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ......

(CAPSUL – VOICE CAST – AJAY INDREKAR)

આ ૧૧ વર્ષની સફરમાં, પ્રધાનમંત્રીએ મન કી બાત દ્વારા ઘણા સામાજિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય અને વ્યવહારિક મુદ્દાઓને સ્પર્શ્યા છે, જેનાથી દેશમાં સકારાત્મક અસર પડી છે. મન કી બાત કાર્યક્રમ પ્રધાનમંત્રી અને જનતા વચ્ચે સંવાદ માટે એક મહત્વપૂર્ણ મંચ બની ગયું છે. મન કી બાતના એક એપિસોડમાં, પ્રધાનમંત્રી મોદીએ મન કી બાતના શ્રોતાઓની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ કાર્યક્રમના સાચા શિલ્પી છે. તેમણે કહ્યું કે કાર્યક્રમની લાંબી સફરમાં દેશભરમાંથી પ્રેરણાદાયી વાર્તાઓ જોવા મળી છે.....

(BYTE – PM MODI)

# MANN KI BAAT – 11 YEARS-2

આકાશવાણી સમાચાર સાથે  વાત કર તાં, જામનગરનાં નિયમિત પ્રજ્ઞાચક્ષુ શ્રોતા ધર્મેન્દ્ર સિંહ રાઠોડે  આ પ્લેટફોર્મ પાયાના સ્તરે રાષ્ટ્ર નિર્માણમાં રોકાયેલા ગુમનામ નાયકોની વાર્તાઓ કહેવાનું માધ્યમ છે.

(BYTE – DHARMENDRA SINH RATHOD)

મન કી બાત કાર્યક્રમ સરકાર અને જનતા વચ્ચે સીધો સંવાદ સ્થાપિત કરે છે, લોકોને સામાજિક પરિવર્તન લાવવા અને રાષ્ટ્રીય એકતા પર ભાર મૂકવા માટે પ્રેરણા આપે છે. આ રેડિયો કાર્યક્રમે નીતિઓને જન આંદોલનમાં પરિવર્તિત કરી છે અને દર્શાવ્યું છે કે નેતાનો અવાજ દેશના દરેક ખૂણા સુધી પહોંચી શકે છે . શિવાંગ મિશ્રા અમન યાદવ સાથે, અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . .

# RAJNATH-HYDERABAD

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું હતું કે દેશની સંરક્ષણ નિકાસ 2029 સુધીમાં 50 હજાર કરોડ રૂપિયાને પાર કરશે જે હાલના 24 હજાર કરોડ રૂપિયા છે.

હૈદરાબાદમાં ત્રણ દિવસીય જૈન આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠન - JITO કનેક્ટ પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે આ મુજબ જણાવ્યુ. મંત્રીશ્રીએ ઉમેર્યું કે મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમથી સંરક્ષણ પ્રણાલીઓમાં સ્વદેશી ભાગોનો ઉપયોગ શક્ય બન્યો છે અને તેજસ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટના 64 ટકા ભાગો ભારતમાં બનાવવામાં આવે છે.

. . . . . . . . . . .

# PM MODI – GST- CAR-SCOOTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ વસ્તુ અને સેવા કર – GST માં ઘટાડાને કારણે સમાજના તમામ વર્ગોને લાભ મળી રહ્યો છે. સાંભળીએ નાની કાર અને દ્વિચક્રિય વાહન પર GST ઘટાડા અંગેનો અહેવાલ...

(CAPSUL – VOICE CAST – KARAN PARMAR)

નવા GST સુધારા હેઠળ, સરકારે ગ્રાહકોને રાહત આપવા માટે નાની કાર પરનો કર દર 28 ટકાથી ઘટાડીને 18 ટકા થી કર્યો છે . આ પગલાથી મધ્યમ વર્ગના પરિવારો પરનો નાણાકીય બોજ ઓછો થશે , જેનાથી નાના શહેરો અને નગરોમાં નાની કારનું વેચાણ વધશે. દરમિયાન, GST કાઉન્સિલે 350 cc સુધીના દ્વિચક્રિય પરનો GST દર ઘટાડીને 18 ટકા કર્યો છે, જે અગાઉ 28 ટકા હતો. અમદાવાદનાં એક કારચાલકે પ્રતાપ ભાઈ રાઠોડે સરકારના આ પગલાની પ્રશંસા કરતા કહ્યું કે મધ્યમ વર્ગના પરિવારોને તેનો ઘણો ફાયદો થઈ રહ્યો છે.

(BYTE – PRATAP RATHOD)

નવા GST દરોના અમલીકરણથી દેશના અર્થતંત્ર પર મોટી અસર પડશે . નીતિકા ગુપ્તા શિવાંગ મિશ્રા સાથે, કરન પરમાર આકાશવાણી અમદાવાદ

. . . . . .

# VISHWAKARMA BJP CHIEF

સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ગુજરાત ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ બનશે. પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયાની કામગીરી પૂર્ણ થતાં પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા આવતીકાલે ગાંધીનગરના ભાજપ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ભાજપના નવા અધ્યક્ષ પદના પરિણામની જાહેરાત કરાશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . .

# BJP JHARKHAND PRESIDENT

ભારતીય જનતા પાર્ટીએ ઝારખંડ ભાજપ રાજ્ય એકમના કાર્યકારી પ્રમુખ તરીકે વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ આદિત્ય સાહુની નિમણૂક કરી છે.

શ્રી સાહુ ભૂતપૂર્વ સાંસદ રવિન્દ્ર કુમાર રેનું સ્થાન લેશે , જેમની નિમણૂક ગયા વર્ષે ઓક્ટોબરમાં થઈ હતી.

. . . . . . . . . . . . . .

# ASWINI VAISHNAV - SURAT

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને જાપાનના મંત્રી હિરોમાસા નાકાનો-એ આજે સુરતમાં હાઈસ્પીડ રેલવે નિર્માણ સ્થળની મુલાકાત લીધી. બંને મંત્રીએ મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલવે પરિયોજનાના મહત્વના પાસાઓની સમીક્ષા કરી. તેમણે અદ્યતન રેલમાર્ગ સ્લેબ લેઇન્ગ કાર અને રેલમાર્ગ સ્લેબ સમાયોજન સુવિધાની પ્રગતિની પણ સમીક્ષા કરી , જે બંને હાઈ-સ્પીડ માળખાના મહત્વપૂર્ણ ઘટક છે.

આ પરિયોજનાની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કરતા બંને નેતાએ નિર્માણ સ્થળ પર ઉચ્ચ સ્તરના ધોરણો જાળવી રાખવા અંગે તેમજ નિર્માણકાર્યની ઝડપથી પ્રગતિની પણ પ્રશંસા કરી. બંને નેતાની આ મુલાકાત ભારતના પહેલા બૂલેટ ટ્રેન કૉરિડોરની પરિકલ્પનાને સાકાર કરવામાં ભારત અને જાપાનના પરસ્પર સહકારને દર્શાવે છે.

. . . . . . . . . . . .